# એટલે રોટલો તૈયાર ?

– 'ખાધું પીધું ને રાજ કર્યું' માંથી સાભાર

એક હતું ગામ. તેમાં એક ખેડૂત રહે. ખૂબ મહેનત કરે. એક દિવસ એ ખેડૂત ખેતરમાં કામ કરીને થાકી ગયો. એટલે ઝાડ નીચે બેઠો. થોડો આરામ કરીને રોટલો અને છાશ ખાવા બેઠો.

એટલામાં દડૂક દડૂક કરતા એક સસલાભાઈ આવ્યા. સસલાભાઈને તો ભૂખ લાગેલી. તે ખેડૂતભાઈને કહે, 'હે ખેડૂતભાઈ તમે શું ખાવ છો ?' ખેડૂત કહે, 'રોટલો. સસલાભાઈ, તમારે ચાખવો છે ?' સસલાભાઈ કહે, 'હા, ચખાડોને !' ખેડૂતભાઈએ રોટલાનો ટુકડો આપ્યો. સસલભાઈ તો ખુશ થતા જાય ને ખાતા જાય. ખાતા જાય અને ખુશ થતા જાય. સસલાભાઈ કહે, 'હે ખેડૂતભાઈ આ રોટલો ક્યાંથી જડે ? રોટલો હોય કે બને ?' ખેડૂતભાઈ કહે, 'એ તો બનાવવો પડે.' સસલાભાઈ કહે, 'હેં ખેડૂતભાઈ તમે રોજ રોટલા ખાવ ?' ખેડૂતભાઈ કહે, ''હા અમે તો રોજ રોટલા ખાઈએ.'' સસલાભાઈ કહે, 'તો મને પણ રોટલો બનાવવાની રીત શીખવાડોને !'

ખેડૂતભાઈ કહે, ''જુઓ સસલાભાઈ, પહેલાં ખેતર ખેડવાનું.''

સસલાભાઈ કહે, 'એટલે રોટલો તૈયાર ?'



ખેડૂતભાઈ કહે ''અરે સાંભળો તો ખરા. ખેતર ખેડી તેમાં દાણા વાવવા પડે.''

સસલાભાઈ કહે, 'એટલે રોટલો તૈયાર ?'

ખેડૂતભાઈ કહે, 'એમ કંઈ રોટલો તૈયાર ન થઈ જાય. પછી તો પાણી પાવું પડે. એટલે દાણામાંથી ફણગા ફૂટે અને છોડ તૈયાર થાય.''

સસલાભાઈ કહે, 'એટલે રોટલો તૈયાર ?'

ખેડૂતભાઈ કહે, ''અરે સસલાભાઈ, એમ કાંઈ રોટલા રસ્તામાં પડયા છે ? નિંદામણ કરવું પડે. છોડ મોટા થાય એટલે ડૂંડાં આવે. તેમાં દાણા ભરાય. પછી તેને લણવા પડે.''

સસલાભાઈ કહે, 'એટલે રોટલો તૈયાર ?'

ખેડૂતભાઈ કહે, ''જો પાછા ! તમે બહુ ઉતાવળા ! પછી તો ખળામાં ડૂંડાં પીલવાં પડે, પછી દાણા છૂટા પડે તેને ઉપણવા પડે અને સાફ કરી ઘંટીમાં દળવા પડે.....'

સસલાભાઈ કહે, 'એટલે રોટલો તૈયાર ?'

ખેડૂતભાઈ તો હસી પડયા. તે કહે, ''સસલાભાઈ હવે થોડી જ વાર છે. હમણાં રોટલો તૈયાર થઈ જશે ! જુઓ પછી લોટ બાંધવો પડે, રોટલો ઘડવો પડે, ચૂલો સળગાવી તેને શેકવો પડે.''

સસલાભાઈ કહે, 'એટલે રોટલો તૈયાર ?'

ખેડૂતભાઈ કહે, 'હા, એટલે રોટલો તૈયાર.

બોલો રોજ રોટલા ખાવા હોય તો ચાલો મારી સાથે ખેતર ખેડવા.''

સસલાભાઈ કહે, ''ખેડૂતભાઈ આપણું કામ નહીં. આટલી બધી મહેનત અને આટલી બધી વાર ?'

ખેડૂતભાઈ કહે, ''તો જાવ સસલાભાઈ, ઘાસ ખાવ અને ક્યારેક રોટલો ખાવાનું મન થાય તો આવજો. હું તમને ખવડાવીશ બસ.''

સસલાભાઈ તો ખુશ થતાં દડૂક દૂડક કરતાં ઉપડયા અને ખેડૂતભાઈ તો કામે લાગ્યા. ખાધું પીધું ને રાજ કર્યું !

■